સેકટર-૭માં બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

શહેરના જાણીતા કલાકાર જનક ઠક્કર પ્રવાસમાં હોવાના પગલે તસકરોએ હાથ અજમાવ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં તસ્કરોને હવે પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. તસ્કરો એક પછી એક ઘરને ટાર્ગેટ કરી પોલીસને પડકાર ફેંકી રહ્યા છે કે શું..? શહેરના રહેણાંક વિસ્તારના બંધ મકાનને તસ્કરો નિશાન બનાવતા નાગરીકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે સેકટર-૭ ડી ખાતે બંધ મકાનમાં તસ્કરોએ હાથ ફેરો કર્યો છે. ઘરમાં રહેલા રોકડા રૂ.૭૯ હજાર અને રૂ.૮ લાખની મોંઘીદાટ કારની પણ ચોરી કરી હતી. આ ઘર જાણીતા ફિલ્મ અભિનેતા જનક ઠક્કરનું છે તે પરિવાર સાથે બહારગામ ગયા છે તે સમયે તસ્કરોએ મકાનને ટાર્ગેટ કર્યું છે.જયારે ચોરાયેલી કાર ઘરની નજીક ચ માર્ગ પર થી મળી આવી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ફરીયાદ નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ ડી પ્લોટ નં.૧૩૬૧-૨ ખાતે રહેતા ઠક્કર પરિવારના સભ્યો બે દિવસ માટે બહારગામ ગયા હતા. તે સમયે તસ્કરોએ ઘરમાં ઘુસીને ચોરી કરી છે. જાણીતા અભિનેતા જનક ઠક્કર હાલ પત્ની સાથે બેંગાલુરુ છે, તો બીજીતરફ તેમના પિતા દ્વારકા દર્શન માટે ગયા હતા. તેમના માતા સરોજબેન અને ભાઈ ભાભી અમદાવાદ કામઅર્થે ગયા હતા. સોમવારના રોજ સવારે ઘરના ભોંયરામાં રહેતા ડ્રાઈવરની પત્નીએ ચોરી અંગે જાણ કરી હતી. જેથી તાત્કાલીક પહોંચેલા સરોજબેને ઘરે આવીને તપાસ કરતા મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. જયારે ઘરની અંદર તપાસ કરતા પ્રથમ માળના કબાટમાંથી રૂ.૭૯ હજાર રોકડા ગાયબ હતા. તે ઉપરાંત ઘરની બહાર પાર્ક થયેલી રૂ.૮ લાખની કિંમતની જી.જે.૧૮.બી.જે.-૧૦૨૨ નંબરની સિયાઝ કારમ ગાયબ હતી. જેને અનુલક્ષી જનક ઠક્કરના માતા સરોજબેન હાલ ઘરમાંથી રોકડાની ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. જો કે હાલ જનક ઠક્કર અને તેમના પત્ની બેંગાલુરુ થી ગાંધીનગર આવ્યા બાદ ઘરમાંથી કેટલા દાગીના અને રૂપીયાની ચોર થઈ છે તેની જાણ થશે.જયારે ચોરાયેલી કાર ઘરની નજીક આવેલા ચ માર્ગ પરથી બિનવારસી હાલતમાં મળી આવી હતી. કારના કાચ પણ ખુલ્લા હતા અને ચાવી પણ અંદર ભરાવેલી હાલતમાં હતી. કારની બેટરી ઉતરી ગઈ હોવાથી તે સ્ટાર્ટ થઈ ન હતી. એટલે કે પોલીસને શંકા છે કે કાર બંધ પડી જતા ચોર ઈસમો કાર મુકીને ફરાર થઈ ગયા હશે. હાલ તો સમગ્ર બનાવ અંગે સે-૭ પોલીસે ચોરીનો ગુનો નોંધી સીસીટીવી ફુટેજ મેળવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગરથી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન તથા સ્યૂસાઈડ પ્રિવેન્શન હેલ્પલાઈનનો શુભારંભ

હવે ૧૦૪ હેલ્થ હેલ્પલાઇનની મદદથી નાગરિકો ઘરે બેઠા આરોગ્યલક્ષી માર્ગદર્શન વિનામૂલ્યે મેળવી શકશે

ગાંધીનગર, તા. ૨૩

રાજયમાં ઉચ્ચ ગુણવત્તાસભર આરોગ્યને લગતી સેવાઓ, સ્વાસ્થ્ય સલાહ, ડિરેક્ટરી માહિતી અને પરામર્શ સેવાઓ સાથે માનસિક રીતે અસ્વસ્થ અને પોતાને નિસહાય અનુભવતા લોકોને નિષ્ણાંત મનોવૈજ્ઞાનિક દ્વારા પરામર્શ સેવા પૂરી પાડવાના હેતુથી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના હસ્તે આજે ગાંધીનગર ખાતેથી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન તથા આત્મહત્યા નિવારણ માટેની

સ્યૂસાઈડ પ્રિવેન્શન હેલ્પલાઈન લોન્ચ આવી હતી.

રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ છેવાડાના માનવી સુધી ગુણવત્તાયુક્ત રીતે ત્વરિત પહોંચાડવા માટે અનેક નવી

અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહયો છે. ૧૦૮ ઈમરજન્સી સેવાના અદ્યતન ટેકનોલૉજી તેમજ વ્યવસ્થાનો ઉપયોગ કરી રાજય વ્યાપી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન કાર્યરત કરાઈ છે.

૧૦૪ હેલ્થ હેલ્પલાઈનના ટેકનોલોજીકલ પ્લેટફોર્મનો ઉપયોગ કરી લોકોને ટેલિ-કાઉન્સેલિંગ, ટેલિ-હેલ્થ સલાહ, આરોગ્ય શિક્ષણ, આરોગ્ય કાર્યક્રમો/સેવાઓ, હોસ્પિટલ/આરોગ્ય કેન્દ્રો ખાતે સ્વાસ્થ્ય સંભાળની સગવડ સંબંધિત ફરિયાદ નોંધણી અને નિવારણ, આરોગ્ય કર્મચારીને માતા અને બાળ સંભાળના જટિલ કેસમાં વિષય નિષ્ણાત દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવાની આગવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રસૂતા માતા અને બાળઆરોગ્યની કામગીરીનું અસરકારક અમલીકરણ અને તેનુ મૂલ્યાંકન માટે ્રીઝઉઁ+ એપ્લીકેશનનું ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન સાથે જોડાણ કરવામાં આવ્યું છે.

અસરગ્રસ્તોએ આજે કલેક્ટર કચેરીમાં આવેદન પત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર અસરગ્રસ્ત મંડળના આગેવાનોએ આજે તેમના પડતર પ્રશ્નોના ઉકેલ માટે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી રજુઆત કરી છે. આજે સવારે ૧૧.૩૦ વાગ્યાના સુમારે અસરગ્રસ્ત ગ્રામજનો મોટી સંખ્યામાં જિલ્લા કલેક્ટર કચેરી પહોંચતા જ તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. જોકે આ અસરગ્રસ્તો સંપૂર્ણ શાંત રહ્યા હતા.

અસરગ્રસ્તોએ ગાંધીનગર મામલતદારને મળી તેમજ જિલ્લા સત્તાવાળાઓને મળી આવેદન પત્ર આપ્યુ હતુ. આ અસરગ્રસ્તોએ તેમના પ્રશ્નોના ઉકેલ માટે સકારાત્મક વલણ દાખવી અને સરકાર સુધી તેમનો અવાજ પહોંચાડવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

ગાંધીનગર શહેરના અસરગ્રસ્તોના પ્રશ્નો અંગે છેલ્લી ચારેક જિલ્લા સંકલન સમિતિમાં સતત ચર્ચાઓ થતી રહી છે પરંતુ હજુ આ બાબતે યોગ્ય કાર્યવાહી થઈ નથી. ગામતળ અને અન્ય પ્રશ્નો આ મંડળ દ્વારા આજના આવેદનપત્રમાં રજુ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૮૨૭ તાવના દર્દી મળ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજથી વાહકજન્ય રોગચાળા સંદર્ભે શરૂ થયેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૮૨૭ જેટલા શંકાસ્પદ તાવના મળી આવેલ દર્દીઓના લોહીના નમૂના મેળવી તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.

આજથી શરૂ થયેલા આ સર્વેલન્સ દરમ્યાન ૫૦,૫૧૯ આવાસોને આવરી લેવામાં આવ્યા હતા. આ સર્વેલન્સ દરમ્યાન ૨,૪૬,૪૪૬ વ્યક્તીઓને પણ ચકાસવામાં આવ્યા હતા.

જિલ્લા મેલેરિયા તંત્રની ટીમો દ્વારા ૧,૩૮,૧૩૪ પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૧૯૫૪ પાત્રોમાં મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં ટીમો દ્વારા એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી હતી.

જિલ્લા મેલેરિયા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે સર્વેલન્સ ૨૮મી સુધી ચાલશે. આ સઘન સર્વેલન્સ હોવાથી રોગચાળાને નિયંત્રણમાં રાખવામાં તંત્રને વધુ સફળતા મળશે.

જિલ્લામાં મેલેરિયાના કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે જ્યારે ડેન્ગ્યુના છુટાછવાયા કેસો મળ્યા છે. હાલ મચ્છરોની ઉત્પતિ માટે સાનુકૂળ વાતાવરણ હોવા છતાં તંત્ર દ્વારા હાથ ધરાયેલ કાર્યવાહીને કારણે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ સર્વેલન્સ દરમ્યાન વાહકજન્ય રોગચાળા માટેની જન જાગૃતિ વધે તે દિશામાં પ્રયાસો છે. આ વર્ષે ત્રણ તબક્કે જનજાગૃતિ અને મેલેરિયા નાબુદી અભિયાન હાથ ધરાયુ છે. પ્રથમ ગપ્પી માછલીઓ મુકવામાં આવી તો બીજા તબક્કામાં સગર્ભા મહિલાઓને રક્ષિત કરવા માટે મચ્છરદાનીનુ વિતરણ કરવામાં આવ્યુ અને ત્રીજા તબક્કામાં આ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

સિવિલમાં ડેન્ગ્યુના દર્દીઓના પ્લેટલેટ ગણતું મશીન બંધ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં ડેન્ગ્યુના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાંથી ડેન્ગ્યુ મોટીમાત્રામાં કેસ સામે આવી રહ્યા છે. સિવિલમાં ડેન્ગ્યુના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તેવી સ્થિતિમાં ગાંધીનગર સિવિલમાં ડેન્ગ્યુના ટેસ્ટ માટેનું મશીન જ બંધ હાલતમાં છે. દર્દીના પ્લેટલેટ કાઉન્ટ થઈ શકાતા નથી જેને પગલે દર્દી અને ડોકટર બંન્નેની મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એક તરફ સરકાર આરોગ્ય પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કરે છે. આરોગ્લક્ષી વિવિધ યોજનાઓ થકી ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને કરોડો રૂપીયાની સહાય આપી હોવાના દાવા કરવામાં આવે છે. આયુષ્યમાન ભારત દિવસની ઉજવણીનો કાર્યક્રમ જે જગ્યાએ રાખવામાં આવ્યો હતોતે જ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ દિવસથી ડેન્ગ્યુના ટેસ્ટ થઈ શકે તે માટેનું મશીન જ બંધ હાલતમાં છે. એક બાજુ ગાંધીનગરમાં તેમજ ન્યું ગાંધીનગરમાં ડેન્ગ્યુનો હાહાકાર છે. ગાંધીનગર સિવિલમાં પણ દરરોજના અસંખ્ય ટેસ્ટ થાય છે જેમાં ઘણા ખરા પોઝીટીવ આવે છે. ત્યારે બે ત્રણ દિવસથી પ્લેટલેટ કાઉન્ટ કરતુ મશીન જ બંધ હાલતમાં છે જે રીપેર કરવાની ફુરસદ તંત્ર પાસે નથી જેને અનુલક્ષી દર્દીઓને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. એટલું જ નહી દાખલ દર્દીના સારવાર માટે દરરોજ પ્લેટલેટ કાઉન્ટ તપાસવાના હોય છે. પરંતુ સિવિલમાં તે નહી થવાને કારણે ઘણા દર્દીઓએ પણ અહીંથી રજા લઈને ખાનગી હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર મેળવી રહ્યા છે. પ્લેટલેટ મશીન બંધ રહેવાથી કેટલાક દર્દીઓને સાથે ડોકટર પણ યોગ્ય નિદાન કરી શકતા નથી.

'તારા ઘરે જઈને પાણી પી' કહેવું ભારે પડ્યું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના ચ-૭ પ્રેસ સર્કલ પાસે છાપરા વિસ્તારમાં રહેતા રાજુભાઈ સોનાભાઈ વાદી પોતાના છાપરામાં પોતાના પરિવાર સાથે રહે છે. ગત તા,૨૧ ના રોજ સવારના સમયે તે પોતાના છાપરામાં હતો તે સમયે ત્યાંથી પસાર થતા રાજુ દંતાણીએ ફરીયાદીને પાણી ભરી લાવ તેમ કહેતા ફરીયાદીએ તારા ઘરે જઈને પાણી પી તેમ કહેતા રાજુ દંતાણી ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. તેટલીવારમા તેનો દિકરો મુકેશ દંતાણી આવી જતા બંન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ઉશ્કેરાયેલા મુકેશ દંતાણી અને રાજુ દંતાણીએ રાજુ વાદી પર ધોકા વડે હુમલો કર્યો હતો. જેથી આસપાસમાંથી દોડી આવેલા નાગરીકોએ તેને છોડાવ્યો હતો. જેને પગલે ફરીયાદીને શરીરે ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યા હતા. જયા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસ તપાસનો ચક્રો ગતિમાન કર્યા છે.

અખંડ ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી તથા ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કલમ ૩૭૦ અને ૩૫એ કાશ્મીરમાંથી નાબુદ કરી એક ભારત શ્રેષ્ઠ ભારતનુ સરસ કાર્ય કરવામા આવેલ જે સંદર્ભે અસારવા આર્મી પરિવાર દ્વારા યોજાયેલ રકતદાન કેમ્પમા ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, સાંસદશ્રી દિપસિંહ ઠાકોર, સાંસદ જુગલજી ઠાકોર, ધારાસભ્યશ્રી પ્રદિપસિંહ પરમાર તેમજ ક્રાંતિ સેના વતી ગાંધીનગરના મહામંત્રી નટુજી ઠાકોરે રકતદાન કરેલ અને પ્રદેશ ઉપપ્રમુખ વિષ્ણુજી ઠાકોર, ગાંધીનગર જીલ્લા પ્રમુખશ્રી સુરેશ ઠાકોર, ઉપપ્રમુખશ્રી પ્રવિણસિંહ ઠાકોર તેમજ અન્ય મિત્રોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમનુ સફળ આયોજન અસારવા આર્મી પરિવાર તરફથી ઠાકોર મનીષભાઈ, ઠાકોર દિશાંત, ઠાકોર તુષાર, ઝાલા પૃથ્વીસિંહ, પટેલ ભરતભાઈ વિગેરે દ્વારા કરવામા આવ્યું હતું.

શનિવારે ડૉ. આંબેડકર હોલ ખાતે સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ "સંગીત સ્પર્ધા" યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો સંચાલિત "મેરી આવાજ સુનો" કરાઓકે કલબ દ્વારા ગાંધીનગર તેમજ અમદાવાદ શહેરના ઉગતા કલાકારોને એક સારૂ સ્ટેજ-પ્લેટફોર્મ પુરૂ પાડવાના ઉદ્દેશથી તા. ૨૮મી સપ્ટેમ્બર શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સેક્ટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોના કાર્યક્રમ 'સંગીત સંધ્યા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમાં હોલમાં પ્રવેશ નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે. જેનો દરેક સંગીતપ્રેમીઓએ લાભ લેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયુ છે. કાર્યક્રમ અંગે વધુ માહિતી માટે મો. નં. ૯૪૨૭૩૧૮૦૭૩ પર સંપર્ક સાધવા પણ જણાવાયુ છે.

લીંબડીયા ગામે ચૌદ ગામ લેઉવા પાટીદાર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ

ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામે ચૌદ ગામ લેઉવા પાટીદાર સમાજના તેજસ્વી તારલાઓને ચંદ્રક વિતરણ સમારોહ તથા સન્માન સમારંભ મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ સન્માન સમારોહમાં અમદાવાદ પૂર્વના સંસદ સભ્ય હસમુખભાઈ પટેલ તથા ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ, સમાજના પ્રમુખ તથા સમાજના આગેવાનો કશીભાઈ પટેલ, નાથાભાઈ પટેલ, પ્રાંતિયા ગામના નંદુભાઈ પટેલ, ભાવિનભાઈ પટેલ, હિતેન્દ્રભાઈ પટેલ જેવા સમાજના પ્રતિષ્ઠિત આગેવાનોની ઉપસ્થિતિમાં ચંદ્રક વિતરણ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

પાશ્વગાયક સ્વ.મહેન્દ્ર કપૂરની પુણ્યતિથી પ્રસંગે બાલાજી સુર સંગમ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

હિન્દી ફિલ્મ જગતના સુવિખ્યાત પાશ્વગાયક સ્વ. મહેન્દ્ર કપૂરની પુણ્યતિથી પ્રસંગે તા. ૨૭મી સપ્ટેમ્બર રાત્રે ૮.૪૫ કલાકે સેક્ટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે બાલાજી સુર સંગમ સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાશે. અમૃત રાવલ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પૂજા બારોટ, સંજય ગાવડે, મહેશ ચાવડા, નિરવ મજમૂદાર, ભરત વાણીયા, રણજિત મીર, પ્રકાશ ચાવડા અને ઉર્વશી ત્રિપાઠી જેવા કલાકારો પરફોર્મન્સ આપશે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા વિના મૂલ્યે યોગ સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં અનુસૂચિત જાતિની વસ્તી ધરાવતા એક તાલુકા મથક ખાતે તા. ૫મી ઓકટોબરથી યોગ સેમિનારનું આયોજન વિના મૂલ્યે યોજાશે. યોગમાં રસ ધરાવતા અનુસુચિત જાતિના ઉમેદવારોએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર મહાત્મા ગાંધી વિદ્યામંદિર, ગોવર્ધન હવેલી સામે સે-૨૧ના ફોન/ મોબાઈલ નં. ૦૭૯૨૩૨૪૧૧૮૦ ઉપર સિનિયર કોચનો સંપર્ક કરીને યોગ સેમિનાર માટેના પ્રવેશપત્રમાં સંપૂર્ણ વિગતો ભરીને તા. ૩ ઓકટોબર સુધીમાં ઉકત સરનામે રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી આપવાની રહેશે. પસંદ થયેલ ઉમેદવારોને સિનિયર કોચ દ્વારા યોગ સેમિનાર અંગેની જાણ કરવામાં આવશે તેમ જિલ્લાના સિનિયર કોચ કૌશિકભાઈ પટેલ દ્વારા જણાવાયું છે.

રાજ્યભરમાં ટ્રાફિક નિયમન મામલે પોલીસ અને પ્રજા વચ્ચે ઘર્ષણ

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત સહિતના શહેરોમાં નવા ટ્રાફિક નિયમો આવ્યા બાદ પોલીસ દ્વારા થઇ રહેલી વાહનો ટોઈંગ કે દંડની વસૂલાત સહિતના કેટલાક કિસ્સામાં નારાજ નાગરિકો પોલીસ સીધા ઘર્ષણમાં ઉતરી જાય અને તેને લઈ બબાલનું સ્વરૂપ ધારણ કરે તેવા કિસ્સાઓ દિન પ્રતિદિન વધી રહ્યા છે. ખુદ ટ્રાફિક પોલીસ પણ નાગરિકોની મુશ્કેલી અને હાલાકી સમજી રહી છે પરંતુ નવા નિયમો અને ઉપરથી આદેશ હોવાના કારણે તેઓ પણ નાગરિકો પાસેથી દંડ વસૂલવા અને કાર્યવાહી કરવા મજબૂર બનતા હોય છે ત્યારે આવા કિસ્સાઓ ગંભીર પરિણામો લાવી શકે તેવી પણ ચર્ચા જોર પકડી રહી છે. આજે પણ રાજકોટ શહેરના ગોંડલ રોડ પર ટ્રાફિક વ્હિકલ દ્વારા રસ્તા પર પડેલા બાઇક હટાવતા મામલો બિચક્યો હતો. રસ્તા પર પડેલા બાઇક ટોઈંગ કરવા મામલે લોકોમાં રોષ ભભૂક્યો હતો. આથી લોકો અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. ટ્રાફિક પોલીસ પાસે લોકોએ લાયસન્સ માંગ્યું હતું. ટોઈંગ વ્હિકલ ચાલક પાસે પોલીસે પણ દંડ ભરાવ્યો હતો. સ્થાનિક લોકો દ્વારા રસ્તા રોકો આંદોલન કરવામાં આવતા પોલીસ દોડી આવી હતી અને લોકો સાથે બોલાચાલી થઈ હતી. તેમજ પોલીસને હળવો બળપ્રયોગ કરવાની પણ ફરજ પડી હતી. આ મામલે પોલીસે ત્રણ લોકોની અટકાયત કરી રસ્તો શરૂ કરાવ્યો હતો. હાલ પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાતા શાંતિનો માહોલ જોવા મળી રહ્યો છે. જો કે, નાગરિકોમાં ટ્રાફિકના નવા નિયમોને લઈ ભારોભારો રોષ અને આક્રોશ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. તા.૧૫મી ઓકટોબર પછી તેની વિધિવત્ અમલવારી થવાની છે તે વાતને લઈ પબ્લીક ગુસ્સામાં જોવા મળી રહી છે.

રાજ્યમાં ૩૨૪ નવી એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું : સંખ્યા ૫૮૯

ગાંધીનગર,તા.૨૩

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના હસ્તે આજે ગાંધીનગર ખાતેથી વધુ ૩૨૪ નવી ૧૦૮ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરી લીલી ઝંડી આપવામાં આવી હતી. તેમજ ૬૩ નવા એમ્બ્યુલન્સ ના લોકેશનનો ક્રમશઃ ઉમેરો કરતાં કુલ એમ્બ્યુલન્સોની સંખ્યા ૬૫૦ સુધી લઇ જવામાં આવશે. રાજય સરકારની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા દરરોજ સરેરાશ

રાજ્યભરમાં હાલ કુલ ૫૮૯ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત છે. રાજ્ય સરકારના માનવીય અભિગમ અંતર્ગત ૧૦૮ સેવાના વ્યાપ તેમજ એમ્બ્યુલન્સ વાહનોની ગુણવતા જળવાઈ રહે તે માટે જુની થયેલ એમ્બ્યુલન્સોને બદલવા માટે પ્રતિ વર્ષ ૧૦૦ નવી એમ્બ્યુલન્સોની બજેટમાં જોગવાઈ કરવામાં આવે છે.

આ ઉપરાંત નવજાત શિશુને સારી આરોગ્ય સેવા મળે અને બાળ મૃત્યુ દર ઘટાડવાના ઉદ્દેશ્યથી ગુજરાત સરકાર દ્વારા ૨૮ નવી નિયોનેટલ એમ્બ્યુલન્સ મંજુર કરવામાં આવી છે. વર્તમાનમાં રાજ્યમાં કાર્યરત કુલ ૫૮૭ એમ્બ્યુલન્સોમાં વધારાની નવી ૩૨૪ એમ્બ્યુલન્સનો ઉમેરો થતાં જુની થયેલ ૨૬૧ એમ્બ્યુલન્સો બદલવામાં આવશે ૩૩૦૦ જેટલા દર્દીઓને કટોકટીના સમયે હોસ્પિટલ સુધી પહોચાડવાની નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે.

દર ૨૫ સેકન્ડે એક ૧૦૮ એમ્બ્યુલન્સ ઈમરજન્સી કેસને પ્રતિસાદ આપવા માટે રવાના થાય છે. છેલ્લા ૧૨ વર્ષના સમયગાળામાં ૧ કરોડ ૧ લાખ કરતા વધારે લોકોને કટોકટીના સમયમાં સેવા આપવામાં આવી છે. આ સમયગાળામાં રાજ્યભરની વિવિધ એમ્બ્યુલન્સ દ્વારા ૩૦ કરોડથી વધારે કિલોમીટરનું ભ્રમણ કરવામાં આવ્યું છે. ૧૦૮ દ્વારા રોજના સરેરાશ ૯,૭૦૦ કરતાં વધારે કૉલને પ્રતિસાદ આપવામાં આવે છે. આ સિવાય ૮.૫ લાખથી વધુ વિકટ પરિસ્થિતિમાં મુકાયેલ મહામુલી માનવ જિંદગીઓનો બચાવવામાં આવી છે એટલે કે, પ્રતિ કલાકે ૧૩ મહામુલી માનવ જીંદગી બચાવવામાં આવે છે. સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાનો લાભ નાગરિકોને ઝડપથી પુરો પાડવા માટે '૧૦૮ ગુજરાત' નામની અદ્યતન મોબાઈલ એપ્લીકેશનનું અગાઉ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કુલ ૧,૪૨,૦૦૦ નાગરિકોએ આ એપ્લિકેશન ડાઉનલોડ કરી છે.

ડોક્ટર જોઈએ છે
MS (જનરલ સર્જન)
ફુલ ટાઈમ (24 x 7)
રામચંદ્ર સ્વરાજભાઈ જનરલ હોસ્પિટલ
ધાનેરા, બનાસકાંઠા
RMO
Dr. Vimal Trivedi
Mo. :
9601981473,
6352340487